# Day to Day Current Affairs

02 April -2015

૧) **2 એપ્રિલ** : વર્લ્ડ ઑટિઝમ ડે : ઑટિઝમ (સ્વપરાયણતા) ખુબ તીવ્ર રીતે અક્ષમતા લાવની આજીવન વિકાસકીય અપંગતા છે. ઑટિઝમ ધરાવતી વ્યકિતઓ પરસ્પર અંગત સંબંધો બાંધી શકતી નથી. બાળકો અર્થપૂર્ણવાતચિતની ભાષા વિકસાવી શકતા નથી. પ્રકાશ, આવજ, સ્પર્શ અને દુ:ખ જેવા વિવિધ વાતાવરણ ઉતેજકો સામે તેમનો પ્રતિભાવ વિચિત્ર હોય છે. તેઓ એક જ પ્રકારના વર્તનનું પુનરાવર્તનકરે છે. જેવા કે શરીર હલાવવું, હાથ ઉછાળવા અને અર્થ વગરના અવાજો કાઢવા વગેરે કરે છે. વર્લ્ડ ઑટિઝમ ડે વર્ષ 2008 થી UN દ્વારા ઉજવાય છે.

2) **એન્ડી મરે** : ટેનિસ : બ્રિટનના એન્ડી મરેએ મિયામી ઓપનમાં સાઉથ આફ્રિકાના એન્ડરસનને પરાજય કરી ક્વાટર ફાઇનલમાં જ્ગ્યા બનાવી. આ જીત સાથે મરે એ કારકિર્દીનો 500મો વિજય મેળવ્યો હતો. 500મી જીત મેળવનારો મરે બ્રિટનનો પ્રથમ અને વિશ્વનો 46મો ખેલાડી બન્યો હતો.

3) **સુનિતા તોમર** : ભારતની તમાકુ વિરોધી ઝુંબેશની પોસ્ટર ગર્લ સુનિતા તોમરનું અવસાન. વતન : મધ્યપ્રદેશ.

૪) **એ.જે.શાહ** : ગુજરાત શિક્ષણ બોર્ડના ચેરમેન તરીકે IAS અધિકારી એ.જે.શાહની નિમણુક કરવામાં આવી. IAS આર.આર.વરસાણી નિવૃ તથતા એ.જે.શાહ તેમનું સ્થાન લેશે.

૫) **બ્રેન્ડન મેક્કુલમ** : ન્યુઝિલેન્ડ ક્રિકેટ બોર્ડ દ્વારા સર્વોચ્ચ એવોર્ડ ' સર રિચાર્ડ હેડલી મેડલ' એનાયત કરી મેક્કુલમને ક્રિકેટર ઓફ ધ યર થી સન્માનિત કરાયા.

૬) **મુસ્તફા કમાલ** : ICC ના અધ્યક્ષ પદેથી મુસ્તફા કમાલનું રાજીનામું

www.vivekanandacademy.org